**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૯ માં, અમદાવાદ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર–૧૭૩૦૫** | **વર્ષ–૨૦૨૧** |

**આંક:–૦૧ અન્વયે હુકમ**

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

**(૧)** સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લેતા, સી.આર.પી.સીની કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ (એફ.આઈ.આર) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સીની કલમ–૧૮૮, તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબ ના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** સી.આર.પી.સીની કલમ–૧૯૫ મુજબ..''આઈ.પી.સી.ની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી...'' એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.

– ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) માં પણ એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તે ફરીયાદ કરી શકે અથવા કોઈ વ્યકિત આવા ગુન્હા સંબંધે ફરીયાદ કરવા માંગે છે તેવા ઈરાદા સાથે નિયત કરેલા નમુનામાં ૩૦ દિવસથી ઓછા સમયની ન હોય તેવી નોટીસ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને આવી નોટીસ આપ્યા બાદ ફરીયાદ કરી શકે છે આ જોગવાઈઓનું પાલન કર્યા વગર અદાલત ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકતી નથી. હાલના કેસમાં કોઈ સક્ષમ ઓથોરીટી કે

સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને ડીઝાસ્ટર મેનેજમેન્ટની કલમ-૬૦ ના કલોઝ(એ)મુજબની કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી કે અન્ય કોઈ વ્યકિતએ આ અધિનિયમની (બી)મુજબની પ્રક્રિયા કર્યા ફરીયાદ કરેલ નથી. આમ સદર કાયદાની ફરજીયાત જોગવાઈ ઓનું પાલન પણ આ કેસમાં થયેલ નથી.

**(૩)** નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જયવંતસિંહ ફલજીભાઈ વિરુધ્ધ ગુજરાત રાજય ના કેસમાં તારીખ-૦૯/૧૨/૨૦03 ના ચુંકાદામાં '' આઈ.પી.સી ની કલમ-૧૮૮ કોગ્નીઝેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે.''

**–** કોગ્નીઝેબલ ગુન્હો એટલે કે જેમા પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે તપાસ કરી શકે તેવો ગુન્હો પરંતુ સી.આર.પી.સીની કલમ-૧૯૫ માં આ સામાન્ય જોગવાઈમાં કલમ-૧૯૫ થી સામાન્ય બાધ(અપવાદ) કરવામાં આવેલ છે તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સીની કલમ-૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સલગ્ન જાહેર સેવક દ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી.** આમ એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સીની કલમ-૧૯૫ ની ફરજીયાત જોગવાઈનો બાધ નડે નહી તેવું માની શકાય નહીં.

**(૪)** નામદાર સુપ્રિમકોર્ટ,..... (૧)એમ.એસ.અહલ્લાવત વિરુધ્ધ હરિયાણા એ.આઈ.આર.૨૦૦૦ (સુ.કો.) પેજ નં.૧૬૮, (૨)દોલતરામ વિરુધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર.૧૯૬૨ (સુ.કો.) પેજ નં.૧૨૦૬, (૩)બબીતાલીલા વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા એસ.એલ.પી.(ક્રિમીનલ)૧૪૭૪/૨૦૧૨, (૪) મુનીઅપ્પ્ન અને બીજા વિરુધ્ધ તામીલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં.૧૨૭

થી ૧૩૦/૨૦૦૮ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે .... (૧)બેચરવાલા વિરુધ્ધ ગુજરાત રાજ્ય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨)કાનજીભાઈ બબલદાસ પટેલ વિરુધ્ધ ગુજરાત રાજ્ય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩) અરૂણધતી ભટ્ટાચાર્ય વિરુધ્ધ ગુજરાત રાજ્ય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૧૭૨૮૬/૨૦૧૭, (૪) ગોવરર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૮(૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ ના કેસ લોમા એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે, ***The provisions of Section 195 Cr.P.C. are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void abinitio being without jurisdiction.*** નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે HLA SHWE Vs. State of Maharastra ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુંકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે **"*We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report.*"**

**(૫)** નામદાર સુપ્રિમકોર્ટ પંકજ અગ્રવાલ વિરુધ્ધ દિલ્લી રાજ્ય ૨૦૦૧ (૩) ક્રાઈમ્સ (સુપ્રિમકોર્ટ) પેજ નં.૩૬૧, નામદાર ગુજરાત હાઈકોર્ટે કાંધલ સરમણ જાડેજા વિરુધ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૯ (૨) જી.એલ.આર.પેજ નં.૧૪૬૨ તેમજ નયન હરીશભાઈ કનખરા વિરુધ્ધ ગુજરાત રાજ્ય ના ચુંકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જ્યારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગજ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને

સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ નો બાધ નડતો નથી પરંતુ જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ છે અને આવા ગૂન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, ચાર્જસીટ ધ્યાને લેતા જે રીતે અને જે પ્રમાણે ગુનો બનેલ હોવાનુ દર્શાવેલ છે તેના સંજોગો, ગુનાની વિષય વસ્તુ જાહેરનામાં ધ્યાન સમક્ષ રાખતા આ ગુન્હાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટર કનેકટડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી આથી આવા ગુનાઓને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ નો સ્પષ્ટ બાધ નડે છે હાલના કેસમાં સક્ષમ ઓથોરીટી ધ્વારા સી.આર.પી.સીની કલમ–૨(ડી) મુજબની કોઈ ફરીયાદ પણ કરવામાં આવેલ નથી પોલીસે સી.આર.પી.સીની કલમ–૧૫૪ મુજબ એફ.આઈ.આર. નોંધી અને અદાલતમાં ચાર્જશીટ કરેલ છે જેનો સમાવેશ ફરીયાદમાં થતો નથી તેવી સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ રહેલ છે. આ ઉપરાંત સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સરકયુલર નં.ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭ તારીખ–૨૯–૦૭–૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે.આમ જયારે સક્ષમ ઓથોરીટી ધ્વારા સી.આર.પી.સી.ની કલમ–૨(ડી) મુજબની કોઈ ફરીયાદ કરવામાં આવેલ ના હોય, સી.આર.પી.સી. ની કલમ–૧૯૫ નું સ્પષ્ટ બાધ નડતો હોય,ગુનાઓ જયારે અલગ કરી શકાય તેવા ના હોય એટલે કે સ્પીલટ કરી શકાય તેવા ના હોય એક બીજા સાથે કનેકટેડ ગુના હોય સ્વતંત્ર ગુનાને અલગ કરી શકાય તેમ ના હોય આમ છતા જો આવી ન્યાયીક કાર્યવાહી ચલાવવામાં આવે તો તે એબયુઝ ઓફ પ્રોસેસ ગણાય હકુમત વીહીન સમગ્ર કાર્યવાહી બને છે અને સી.આર.પી.સીની કલમ–૪૬૧ અન્વયે ની એવી અનિયમીતસર્તાઓ છે કે જેના થી સમગ્ર કાર્યવાહી દુષીત થાય છે અને આવી કાર્યવાહી શરુઆતથી નીરર્થક એટલે કે ***void abinitio*** બને છે આથી – નામદાર સુપ્રિમકોર્ટે કે.પ્રભાકર રાવ વિરુધ્ધ આંધ્રપ્રદેશ રાજય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ ગુજરાત રાજય

૨૦૧૮ (૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ તેમજ રેણુકા વિરુધ્ધ કર્ણાટકા રાજય ૨૦૦૯ ક્રિમીનલ લો– જનરલ ૨૨૪૫ (સુપ્રિમકોર્ટ) ના ચુકાદા ધ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેસીયલ મેજીસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

**::: હુ ક મ :::**

–સી.આર.પી.સી.કલમ–૨૫૮ અનવયે આરોપી વિરુધ્ધ આઈ.પી.સીની કલમ–૧૮૮, તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબ ના ગુન્હાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

–અધિકૃત ઓથોરીટીને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ (૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરી ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં તારીખ–૧૦મી, માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ:–અમદાવાદ.
તારીખ:–૧૦/૦૭/૨૦૨૧.

(દિલીપસિંહ બી. ગોહીલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
મેટ્રોપોલીટન કોર્ટ નંબર–૧૯, અમદાવાદ.

હુકમ જોઈ ચકાસી ખરાઈ કરી અપલોડ કરેલ છે.
X ......................
અપલોડ કરનાર કર્મચારી કોર્ટ નં.૧૯